# Phone call between Prime Minister Shri Narendra Modi and His Highness Sheikh Tamim Bin Hamad Al-Thani, Amir of the State of Qatar

May 26, 2020

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કતારનાં અમિર મહામહિમ શેખ તમિમ બિન હમાદ અલ-થાની વચ્ચે ફોન પર વાતચીત

મે 26, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કતારનાં મૈત્રીપૂર્ણ લોકોને ઈદ-ઉલ-ફિત્રની શુભેચ્છાઓ પાઠવવા કતારનાં અમિર મહામહિમ શેખ તમિમ બિન હમાદ અલ-થાની સાથે ફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને કોવિડ-19 મહામારી દરમિયાન કતારમાં ભારતીય નાગરિકોની સુખાકારી સુનિશ્ચિત કરવા મહામહિમ અમિર દ્વારા વ્યક્તિગત રીતે લેવામાં આવેલી સંભાળની સસ્નેહ પ્રશંસા કરી હતી. તેની સામે, મહામહિમ અમિરે કતારમાં ભારતીય સમુદાય દ્વનારા કરવામાં આવેલા યોગદાનો અને ખાસ કરીને ભારતીય આરોગ્ય કર્મચારીઓ દ્વારા ભજવવામાં આવી રહેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને વર્તમાન પરિસ્થિતિ દરમિયાન ભારતથી કતારમાં આવશ્યક માલસામાનનાં પૂરવઠાઓમાં કોઈપણ વિક્ષેપ ટાળવા માટે ભારતીય સત્તાધિકારીતાઓ દ્વારા લેવામાં આવી રહેલી કાળજી પર પ્રકાશ પાડ્યો હતો.

વડાપ્રધાને મહામહિમ અમિરનાં આવી રહેલા 40માં જન્મદિવસ માટે સસ્નેહ શુભેચ્છાઓ પાઠવી હતી અને તેઓનાં સતત સારા આરોગ્ય અને સફળતા માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

**નવી દિલ્હી**
**મે 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.